# ધાનેરા તુલસીનગર પાસેથી કીચડ ન હટાવતા રહીશોમાં ભારે રોષ

## સફાઈ કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

ધાનેરા, તા. ૨૨

એક તરફ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સફાઈ અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહ્યા છે તો બીજી તરફ ભાજપ સાશિત ધાનેરાનગરમાં લોકો સફાઈ માટે પણ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી રહ્યા છે. ધાનેરા નગરપાલિકાના ઈન્ચાર્જ પ્રમુખની કામગીરી સામે લોકોએ ઉઠાવ્યા સવાલો કે ઈન્ચાર્જ પ્રમુખ ધાનેરાનો વિકાસ કરી રહ્યા છે કે વિનાશ ?

ધાનેરાની પ્રજા અનેક સમસ્યાથી ત્રસ્ત છે. ત્યારે ધાનેરા નગરપાલિકાના ઈન્ચાર્જ પ્રમુખની કામગીરીથી ધાનેરાના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ધાનેરા અત્યારે ગંદકીથી ઉભરાઈ રહ્યું છે અને જો ગંદકીના કારણે ધાનેરામાં કોઈ મોટો રોગચાળો ફાટી નીકળે તો નવાઈની વાત ન કહેવાય. અગાઉ પણ ધાનેરામાં કોલેરા જેવો રોગચાળો ફાટી નીકળ્યો હતો. જેમાં ૮ જેટલા લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ૧૦૦૦થી પણ વધારે લોકો આ રોગનો ભોગ બન્યા હતા. ધાનેરાને નવા હાઈવે ઉપર આવેલી તુલસીનગર સોસાયટી આગળથી પસાર થતી ગટરમાં પાલિકા દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી હતી પરંતુ ગટરમાંથી કીચડ બહાર નીકાળી જાહેર રસ્તા ઉપર ફેંકી દેતા દુર્ગંધ મારી રહી છે. લોકો દ્વારા રજુઆત કરવા છતાં પણ આ કીચડ ન હટાવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ધાનેરા સફાઈ કરવા માટે ધાનેરા શહેરની મોટાભાગની ગટરો અને રોડ તોડી નાખતા લોકો કહી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકાના પ્રમુખ ધાનેરાનો વિકાસ કરી રહ્યા છે કે વિનાશ.



# મોડાસા શહેરમાં સતત બે દિવસ બંધ બાદ જનજીવન પૂર્વવત બન્યું

## શાંતિપૂર્ણ માહોલ : પ્રજાજનો અને દુકાનદારો નિશ્ચિત : ચુસ્ત પોલીસ બંદોબસ્ત

મોડાસા, તા. ૨૨

ઉના તાલુકાના સમઢીયાળા ગામે દલિત સમાજના યુવાનો પર જાહેરમાં થયેલા અત્યાચારના પડઘા સમગ્ર રાજ્ય અને દેશમાં પડી રહ્યા છે, ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અત્યાચારના પ્રત્યાઘાતમાં બુધવારના રોજ દલિત રેલી યોજાઈ હતી અને દલિત પેન્થર સમાજ દ્વારા બુધવારે સમગ્ર ગુજરાત રાજ્યમાં બંધનું એલાન આપવામાં આવતા દલિત સમાજ દ્વારા મોડાસા નગરની દુકાનો બંધ કરાવવાના મુદ્દે કેટલાક વેપારીઓ જોડે ચકમક ઝરતા અને મારામારીનો બનાવ બનતા મોડાસા શહેરમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પેદા થતા વેપારીઓના સમર્થનમાં વેપારી એસોસીએશને ગુરૂવારે બંધનું એલાન આપતા મોડાસા શહેર સતત બે દિવસ બંધ રહેતા કરફ્યુ જેવી સ્થિતિ પેદા થઈ હતી.

શુક્રવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મોડાસા શહેરનું જનજીવન પુનઃ ધબકતુ થતા પ્રજાજનો અને દુકાનદારોએ હાશકારો અનુભવ્યો હતો.

મોડાસા શહેરમાં બુધવારે અરવલ્લી જિલ્લાના સમગ્ર દલિત સમાજના અગ્રણીઓ અને યુવાનો ઉનાના દલિત યુવાનો પર થયેલા અત્યાચારના પગલે મોડાસા શહેરમાં રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જોગાનુજોગ બુધવારના જ દિવસે દલિત પેન્થર સમાજ દ્વારા સમગ્ર રાજ્યમાં બંધનું એલાન જાહેર કરતાં શહેરમાં બંધ જાહેર કર્યો હોવા છતાં દુકાનદારોએ દુકાનો શૉ-રૂમ ખુલ્લા રાખતા રેલીમાં રહેલા યુવાનો દ્વારા દુકાનો બંધ કરાવતા દુકાન બંધ કરવાના મુદ્દે કેટલાક વેપારીઓ અને દલિત યુવાનો વચ્ચે ઝપાઝપી થતા અને મારામારી થતા વેપારી એસોસીએશન દ્વારા ગુરૂવારે બંધનું એલાન આપતા સતત બીજા દિવસે પણ મોડાસા શહેરના ધંધા-રોજગાર અને દુકાનો સહિત શૉ-રૂમ બંધ રહેતા શ્રમજીવીઓ અને મધ્યમવર્ગીય પરિવારોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. તેમજ શહેરના પ્રજાજનો અને ગામડાના લોકોના કામકાજ અટવાઈ પડ્યા હતા. સતત બે દિવસ બંધ રહેતા મોડાસા શહેરમાં ગુરૂવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો તેમજ શહેરમાં સતત અજંપાભરી સ્થિતિ પેદા થતા કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને સ્થિતિમાં સુધારો થાય તેમજ કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે માટે બોર્ડર વિંગના જવાનોની પ્લાટુન અને શહેરના મુખ્ય માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

શુક્રવારે બે દિવસના સતત બંધ બાદ પુનઃ જનજીવન યથાવત થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. મોડાસા શહેરના બજારો ફરીથી ધમધમી ઉઠતા ધંધા-રોજગાર અને શૉ-રૂમના વેપારીઓ પણ હાશકારો અનુભવ્યો હતો. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા મોડાસા શહેરની ગતિવિધિ પર બાજનજર ગોઠવી દેવામાં આવી છે. જિલ્લાના પ્રજાજનો અને મોડાસાના નગરજનો સહેરમાં શાંતિપૂર્વક માહોલ જળવાઈ રહે તેવી આશા રાખી રહ્યા છે.



# પ્રાંતિજમાં દલિત સમાજ દ્વારા રેલી યોજીને મામલતદારને આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દલિત સમાજ દ્વારા વિશાળ રેલી યોજી તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગીર-સોમનાથના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે દલિત સમાજના યુવાનો ઉપરના અત્યાચારના પડઘા પ્રાંતિજ તથા તાલુકા સુધી પડ્યા જેને લઈને પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા દલિત સમાજ દ્વારા પ્રાંતિજ ખાંખરીયા બસ સ્ટેશનથી હજારોની સંખ્યામાં દલિત સમાજ દ્વારા રેલી યોજી રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાને આવેદનપત્ર આપ્યું હતું. અને દોષિતોને કડકમાં કડક સજા અને સખતમાં સખત કાયદાકિય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જ્યારે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કોંગ્રેસ હોદ્દેદારો, આગેવાનો, કોંગ્રેસ કાર્યકરો અને દલીત પરીવારના સભ્યો બેનરો સૂત્રોચ્ચાર સાથે રેલીમાં જોડાયા હતા. જયારે રેલી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રવિણ માલ, નાયબ પો. અધિક્ષક એ.ડી. શ્રી વાસ્તવ, પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ, મહિલા પોલીસ સહિત પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. અને રેલી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.



# ધાનેરાના ધરણીધર શોપીંગ સેન્ટરમાં જાનહાની સર્જાય તેવી ભીતી

ધાનેરા, તા. ૨૨

ધાનેરા ડીસા રોડ પર આવેલું ધરણીધર શોપીંગ સેન્ટરમાં અવરજવર કરતા લોકો માટે ખતરારૂપ બની ગયું છે. અને શોપીંગમાં કોઈ મોટી જાનહાની સર્જાય તો નવાઈની વાત ન કહેવાય. માટે ધાનેરાનું સ્થાનિક તંત્ર જાગૃત બને અને આ બાબતે કાર્યવાહી હાથ ધરે તો જાનહાની ટાળી શકે તેમ છે.

ધાનેરા ધરણીધર શોપીંગના પહેલા માળે બનાવેલો કઠેડો જે ખુબજ જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યો છે. જો લોકો હાથ અડાડે તો પણ તુટીને પડે છે. આ કઠેડો કોઈને લઈ નીચે પડે તો મોટી જાનહાનિ સર્જે તેમ છે. આટલું જ નહિ પણ આ કઠેડાની એકદમ નજીક વિદ્યુત બોર્ડના થાંભલા પણ આવેલા છે. જે થાંભલા ઉપર જીવિત વીજ વાયરો ખુલ્લા પડેલા છે. જો આ જીવિત વાયરને પણ કોઈનો હાથ અડકી જાય તો મોટી જાનહાનિ સર્જાય તેમ છે.

આ શોપીંગના પહેલા માળે દવાખાનુ પણ આવેલુ છે. માટે મોટી સંખ્યામાં લોકો અવરજવર કરે છે. માટે ધાનેરાનું સ્થાનિક તંત્ર જાગે અને આ બાબતે કાર્યવાહી કરે તો મોટી જાનહાની ટાળી શકાય તેમ છે.



# કુકડીયા પાટીયા નજીક આડશો મૂકી વાહન વ્યવહારમાં અવરોધ ઉભો કરતા ૧૮ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના બડોલી ગામ પાસે આવેલ કુકડીયા પાટીયા પાસે બુધવારે ગુજરાત બંધના એલાન દરમિયાન ૧૮થી વધુ તથા ૧૩૦ના ટોળાએ રોડ પર આવી જઈ અડચણો મૂકી વાહનોને જતા અટકાવવા માટે આડશો મૂકી હતી. જેથી જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ થતાં બડોલી આઉટપોસ્ટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલે ૧૮ સહિત ૧૩૦ના ટોળા સામે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે દલિત સમાજ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યુ હતું. જે અંતર્ગત ઈડર તાલુકાના બડોલી તથા અન્ય વિસ્તારમાં બંધ પળાયો હતો. દરમિયાન બડોલી ગામના કૌશિકભાઈ પશાભાઈ વણકર, દશરથભાઈ મગાભાઈ વણકર, દિપકભાઈ વાલાભાઈ વણકર, પ્રવિણભાઈ રામાભાઈ વણકર, ભાવેશભાઈ કચરાભાઈ સુતરીયા, કલ્પેશભાઈ કચરાભાઈ સુતરીયા, કલ્પેશભાઈ અળખાભાઈ સુતરીયા, ગિરધરભાઈ વાલાભાઈ વણકર, જગદીશભાઈ દેવાભાઈ વણકર, દિવ્યાંગભાઈ મણાભાઈ વણકર, નરેશભાઈ મોતીભાઈ વણકર, હસમુખભાઈ અળખાભાઈ વણકર, શૈલેષભાઈ ધનાભાઈ વણકર, હિતેષભાઈ ધુળાભાઈ વણકર, કમલેશભાઈ મગનભાઈ વણકર, અમરતભાઈ લખાભાઈ વણકર, સતિષભાઈ કોદરભાઈ વણકર તથા વીણાબેન કલ્પેશભાઈ વણકર સહિત ૧૩૦થી વધુના ટોળાએ રોડ પર આવી જઈ આડશો મૂકી વાહન વ્યવહાર અટકાવી દઈ શાંત વાતાવરણમાં ખલેલ પહોંચાડી હતી. જેથી જાહેરનામાનો ભંગ થતાં બડોલી આઉટપોસ્ટના કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ શેતાનસિંહે તેમની વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# જિલ્લામાં ગેસ ધારકો આધાર કાર્ડ અને બેન્ક સાથે તાત્કાલિક સીડીંગ કરાવે

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લામાં જે ગેસ ધારકોએ એલ.જી.પી. ગેસ આધાર અને બેન્ક સાથે સીંડીગ કરાવેલ ન હોય તેમણે તાત્કાલિક ધોરણે સીંડીંગ કરાવવા જણાવાયું છે. એલ.પી.જી. ગેસ લાભાર્થીએ ૧ જુલાઈ સુધીમાં એલ.પી.જી. ગેસ એજન્સી અને બેન્ક સાથે આધાર કાર્ડનું સીડીંગ કરાવેલ હશે તેમને ભારત સરકારની એલપીજી સબસીડીનો લાભ મળશે.

૧ જુલાઈથી તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જે એલ.પી.જી. ગેસ લાભાર્થી આધાર કાર્ડનું સીડીંગ કરાવશે તેમને સબસીડી પાર્ક થયેલ રકમ પરત મળશે. ૩૦ સપ્ટેમ્બર બાદ એલ.પી.જી. સબસીડીની પાર્ક થયેલ રકમ પણ મળવા પાત્ર થશે નહી તેમ જિલ્લા પુરવઠા અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઊંઝામાં દલિત સમાજે મામલતદારને આવેદનપત્ર આપ્યું

ઊંઝા, તા. ૨૨

તાજેતરમાં ઉના તાલુકાના સમઢિયાળા ગામે દલિત યુવાનો પર થયેલ અત્યાચારની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટનાને પગલે મહેસાણા જિલ્લામાં પણ દલિત સમાજ દ્વારા રેલીઓ કાઢીને વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે ઊંઝા શહેરમાં સમગ્ર દલિત સમાજ દ્વારા રેલી કાઢીને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. રેલીને પગલે બપોરના સમયે વેપારીઓએ બજારો બંધ રાખતાં દુકાનો બંધ રહી હતી. આ ઉપરાંત સાવચેતીના પગલારૂપે સ્થાનિક એસ.ટી. ડેપોમાંથી સંચાલિત એસ.ટી. બસ વ્યવહાર પણ બંધ રાખવામાં આવ્યો હતો.

આ રેલીમાં જોડાયેલ ઉનાવા દલિત સમાજ દ્વારા ઉનાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી જવાબદારો સામે કડક પગલા ભરવાની માંગણી કરી હતી. તેમજ ઊંઝા તાલુકાના ઉનાવા ગામે દલિતોના સ્મશાનની જગ્યા પર થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે ગ્રામ પંચાયત તથા ઉચ્ચસ્તરે રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય રહેવા બાબતે એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ઉનાની ઘટના સંદર્ભે આજે મહેસાણા જિલ્લાના વડનગર અને બેચરાજી ખાતે પણ દલિત સમાજની રેલીઓ નીકળી હતી અને આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. જિલ્લાના કડી વિસ્તારમાં દલિતોના ટોળા દ્વારા એસટીની બે બસોને નિશાન બનાવી પથ્થરમારો કર્યા બાદ આગ લગાડવાના બનાવ અંગે પોલીસે ૭૦ ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.



# ખેડબ્રહ્મા આર્ટસ કોલેજમાં ગુરૂ પર્વ-૨૦૧૬ની ઉજવણી

ખેડબ્રહ્મા,તા. ૨૨

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ ખેડબ્રહ્મા સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થી-પરિષદના ઉપક્રમે તા. ૨૦ બુધવારના રોજ ગુરૂપર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક માહિતી આપી હતી.

સંસ્થાના ટ્રસ્ટના કારોબારી સભ્ય જે.સી. માકાણીએ પ્રાસંગિક વકતવ્ય આપ્યુ હતું. ત્યાર બાદ અતિથિ વિશેષ ડૉ. ગુરુદત્ત પી. જપ્પી, ડાયરેક્ટર એન્ડ નોટલ ઓફિસર, રિસર્ચ એન્ડ ઈનોવેશને સરળ વાણીમાં ઉદાહરણો ટાંકતા વક્તવ્ય આપ્યુ હતુ. તેમાં સકારાત્મક અભિગમ, સખત મહેનત, આનંદની પ્રાપ્તિ વગેરે પાંચ મુદ્દાને સાંકળી તેમણે જીવનમૂલ્યોની તાલીમ લેવા પર ભાર મુક્યો હતો. એ પછી મુખ્ય મહેમાન ડૉ. મણિલાલ હ. પટેલ (પૂર્વ પ્રોફેસર, એસ.પી. યુનિ. વિદ્યાનગર) તથા મેનેજિંગ ટ્રસ્ટી અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા)એ પોતાની આગવી શૈલીમાં પુસ્તકો અને પ્રકૃતિનું મહત્વ સ્પષ્ટ કરી આપતાં તેમના સાનિધ્યમાં જવાની, જીવવાની વાત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને મુખ્ય વક્તા સંત તુલસીબાપા (સંત નથ્થુરામ બાપા આશ્રમ, પાવનધામ, વડાલી કંપા)એ માનવતાવાદી અભિગમની કેળવણીને તથા વર્તમાન સમયમાં સ્ત્રીશિક્ષણની મહત્તાને કેન્દ્રમાં રાખી યોગ્ય ઉદાહરણો સાથે વક્તવ્ય આપ્યું હતું. તેમનું વક્તવ્ય પણ અસરકારક રહ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના હીતાર્થે સંસ્થાને રૂ. ૫૧ હજારના દાનની જાહેરાત કરી હતી.

ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓએ તલ્લીન થઈ માણેલ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કે.એન. બ્લોચે કર્યુ હતુ. તથા આભારવિધિની જવાબદારી ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે નિભાવી હતી.

# વાહનચાલકોએ હાઈસીક્યુરીટી નંબર પ્લેટ ફરજીયાત લગાવવાની રહેશે

રાજયના વાહન વ્યવહાર કમિશનર ગાંધીનગર દ્વારા જિલ્લામાં હયાત હાલ જુના વાહનોને પોતાના ચાલકોએ હાઈસીક્યુરીટી નંબરપ્લેટ લગાવવાની ફરજીયાત કરવામાં આવી છે. જો વાહન ચાલકો આ નંબર પ્લેટ લગાવ્યા વિના મુસાફરી કરતા હોય અને ચેકિંગ દરમિયાન પકડાય તો મોટર વ્હિકલ એક્ટ-૧૯૮૮ની કલમ ૧૯૨ હેઠળ ગુન્હો બને છે. જેમાં મીડીયમ અને હેવી ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે ગુડઝ વાહનો, ઉતારૂ વાહનો તેમજ પ્રાઈવેટ સર્વિસ વાહનોને રૂ. ૫૦૦ માંડવાળ ફી લેવામાં આવશે.

# ખેડબ્રહ્મા કોલેજમાં ગાંધી વિચાર પ્રકાશ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૨

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના કોલેજ સભાખંડમાં તા. ૨૦-૭-૨૦૧૬ને બુધવારના રોજ 'ગાંધી વિચાર પ્રકાશ' કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે આગંતુક મહેમાનોનું શાબ્દિક અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમ સંદર્ભે સમારંભના મુખ્ય મહેમાન સંજય ભાવસાર, વિશ્વગ્રામ મહેસાણાએ આવનાર ૧૫૦મી ગાંધી જન્મ જયંતિ સંદર્ભે ભારતવર્ષમાં ગાંધીજીના વિચારો દ્વારા ગાંધી મૂલ્યોની જાળવણી તથા ગાંધી મૂલ્યોનું જીવનમાં મહત્વ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના કારોબારી સભ્યો તથા કોલેજ પરિવારના સભ્યો તથા ગાંધી વિચાર સાથે જોડાયેલા સભ્યો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કે.એન. બ્લોચે કર્યું હતું.

# જિલ્લાના તમામ સબ ડિવીઝનમાં એલઈડી બલ્બ ઉપલબ્ધ

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લામાં ઉજાલા (ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ)ની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. સમગ્ર દેશમાં ૨૦૧૯ સુધીમાં વીજળી પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે. સરકાર દ્વારા આપવામાં આવતા એલઈડી બલ્બથી વીજમાં બચત અને રોશની મળે છે. મહેસાણા જિલ્લાના તમામ યુજીવીસીએલના સબ ડિવીઝન ઉપર ઉચ્ચ ગુણવત્તાવાળા એલઈડી બલ્બ હપ્તા પદ્ધતિથી તેમજ રોકડેથી મળી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં ૧૯ કાઉન્ટરો પર ઉજાલા બલ્બની વહેંચણી કરવામાં આવી છે. જિલ્લાના ૭૬૦૯૬ ગ્રાહકોએ ૫,૪૦,૩૩૭ બલ્બની ખરીદી કરી છે.

આ યોજના ઘરવપરાશના ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. આ બલ્બની ત્રણ વર્ષની વોરંટી હોવાથી આ સમયગાળા દરમિયાન બગડી ગયેલ બલ્બને બદલી આપવામાં આવશે. રાજ્ય સરકારની પહેલથી ગ્રાહકોને સીધો લાભ મળી રહ્યો છે.

બલ્બની ગુણવત્તા જોઈએ તો ૯ વોટનો બલ્બ છે જેની ઉર્જા ક્ષમતા ૮૮ ટકા તેમજ તેનું અપેક્ષીત આયુષ્ય ૧૦ વર્ષનું છે. આ બલ્બમાં ૩ વર્ષની વોરંટી આપવામાં આવેલ છે. આ બલ્બનો ઉપયોગ કરવાથી વીજ બીલમાં વાર્ષિક ૩૩૬ રૂપિયાની બચત થનાર છે.

આ અંગેની વધુ માહિતી માટે નજીકના વીજ વિતરણ કેન્દ્ર તેમજ ૦૨૬૫-૨૩૪૩૬૭૮ પર સંપર્ક કરી શકાશે.